# એકમ ૨ : ભાષા વિકાસ

## ભાષા એટલે શું ? ભાષાના કાર્યો સમજાવો.

**ભાષા એટલે શું ?**

ભાષાનો સંબંધ લાગણીઓ, આવેગો અને વિચારોની અભિવ્યક્તિ તેમજ તેમના આદાન-પ્રદાનની સાથે છે. ભાષામાં માત્ર શબ્દોનો જ નહિ પણ તેમાં શરીરના હલનચલનો, અવાજો, મુખ પરના હાવભાવ વગેરેનો પણ સમાવેશ થાય છે. જીવસૃષ્ટિમાં માત્ર માનવીમા જ ભાષા તેના વિકસિત સ્વરૂપમાં જોવા મળે છે અને તેમાં શબ્દોનો ઉપયોગ થાય છે. જોકે જીવ જંતુઓ અને પ્રાણીઓ પણ ભાષાનો ઉપયોગ કરે છે.

**ભાષાની વ્યાખ્યા :**

**“ભાષા એટલે વિનિમય તેમજ વિચારના ઉપયોગમા આવતા શાબ્દિક પ્રતિકોનું સંયોજન”**

અહીં શબ્દોનો ઉપયોગ જુદી જુદી વસ્તુઓ કે કાર્યો માટે થાય છે. પણ વાસ્તવમાં શબ્દો જે તે વસ્તુઓ કે કાર્યો નથી, પણ તે તેના પ્રતીકો છે. ઉપરાંત તેમાં વાક્ય રચનાઓનો પણ ઉપયોગ થાય છે. અને તેમાં શાબ્દિક પ્રતિકોનું સંયોજન થતું હોય છે.

**ભાષાના કાર્યો :**

(1) આત્મઅભિવ્યક્તિ કરવી (૨) અન્યની અભિવ્યક્તિ સમજવી
(3) પરસ્પર વિનિમય કરવો (૪) સંકલ્પનાઓની રચનામાં સહાયરૂપ થવું
(૫) જ્ઞાનનું પ્રસારણ કરવું

**(૧) આત્મઅભિવ્યક્તિ કરવી**

ભાષા દ્વારા વ્યક્તિ પોતાની લાગણીઓ, આવેગો અને વિચારોને અભિવ્યક્ત કરી શકે છે. ઉપરાંત એ હાવભાવ તથા શારીરિક હલનચલનો દ્વારા પણ વ્યક્ત થાય છે. એટલે કે તેની અસરકારકતા વધી જાય છે.

**(૨) અન્યની અભિવ્યક્તિ સમજવી**

જે રીતે ભાષાનો ઉપયોગ અભિવ્યક્તિ માટે થાય છે તે જ રીતે તેનો ઉપયોગ અન્યની લાગણીઓ, આવેગો અને વિચારો સમજવા માટે પણ થાય છે. બીજી વ્યક્તિ શું કહેવા માંગે છે તે સમજી શકાય છે. ભાષા દ્વારા બાળકને તાલીમ કે શિક્ષણ આપવાનું સરળ બને છે. કારણ કે બાળક ભાષા દ્વારા અન્યની અભિવ્યક્તિ સમજી શકે છે.

**(3) પરસ્પર વિનિમય કરવો :**

માનવી એકબીજા સાથે પોતાના વિચારો, લાગણીઓનું તેમજ માહિતીનું જે આદાનપ્રદાન કરે છે તેને વિનિમય કહે છે. બાળક વિનિમય કરતી વખતે અન્યની અભિવ્યક્તિને પણ સમજે છે. જેથી તેનો મનોવૈજ્ઞાનિક વિકાસ વધુ ઝડપી બને છે.

**(૪) સંકલ્પનાઓની રચનામાં સહાયરૂપ થવું :**

સંકલ્પના એટલે સામાન્ય લક્ષણોને આધારે વ્યક્તિઓ, વસ્તુઓ, બનાવો વગેરેનો માનસિક રીતે બનતો વર્ગ. જયારે આપણે માનવી, કુતરો, ગધેડો, ઘોડો, ટેબલ, ખુરશી વગેરે જેવા શબ્દોનો ઉપયોગ કરીએ છીએ ત્યારે આપણે સંકલ્પનાઓનો ઉપયોગ કરતા હોઈએ છીએ;

***"અમુર્તીકરણ"*** = "સંકલ્પનાની રચના કરવા માટે એક બીજી માનસિક પ્રક્રિયાનો ઉપયોગ થાય"

અહીં વસ્તુના કે પ્રાણીના સામાન્ય લક્ષણોને તારવવામાં આવે છે. પણ સાથે સાથે તેમાં આવા સામાન્ય લક્ષણોને આધારે તેને અન્યથી અલગ પણ પાડવામાં આવે છે. આ કારણથી માનવી; કુતરા અને ગધેડા વચ્ચેના ભેદને સમજી શકાય છે.

અમુર્તીકરણ દ્વારા સંકલ્પનાની રચના થવાની જે પ્રક્રિયા થાય છે એમાં **શાબ્દિક ભાષાનો ઉપયોગ થાય એ અનિવાર્ય હોતું નથી.** આ કારણથી જ પ્રાણીઓ જુદી જુદી વસ્તુઓ વચ્ચે ભેદ પાડે છે. બાળક પણ શરૂઆતમાં આ જ રીતે ભાષાનો ઉપયોગ કર્યા વિના જ સંકલ્પનાઓની રચના કરે છે. જોકે બાળક ભાષાનો ઉપયોગ કરતા શીખે છે ત્યારે સંકલ્પનાની રચના વધુ અસરકારક રીતે થાય છે. સ્કુલમાં બાળકને સંકલ્પનાઓ જ શીખવાડાય છે. આમ ભાષા દ્વારા સંકલ્પનાની રચના કરવાનું કાર્ય વધુ સરળ બને છે.

**(૫) જ્ઞાનનું પ્રસારણ કરવું**

ભાષા દ્વારા જ્ઞાનનું પ્રસારણ વધુ સરળ રીતે થાય છે એના ઉદાહરણો તો આપણને છાપા, રેડીઓ અને ટી.વી. જેવા માધ્યમો દ્વારા વિશ્વના એક ખૂણેથી બીજે ખૂણે માહિતીનું જે ઝડપથી પ્રસારણ થાય છે એ પરથી મેળવી શકીએ છીએ. જોકે ભાષા દ્વારા જ્ઞાનનું પ્રસારણ પેઢી-દર-પેઢી પણ થાય છે. **માનવીની સંસ્કૃતિ તેમજ સભ્યતાનો વિકાસ આવા પ્રસારણને લીધે જ શક્ય બન્યો છે.** આથી જ માનવી પ્રાણીજાતમાં સૌથી ચડિયાતો સાબિત થયો છે.

## ભાષાના પાસા (અંગો) સમજાવો :

ભાષાના અભ્યાસનો **સંબંધ** મુખ્યત્વે બાળક ભાષા કેવી રીતે બોલે છે એની સાથે છે. – બાળમનોવિજ્ઞાનનો સંબંધ બોલાતી ભાષા સાથે છે. – જેમાં વિવિધ અવાજો કરીને બોલાતા શબ્દો, એ શબ્દોના અર્થો, એ શબ્દોની ગોઠવણી તેમજ અન્ય સાથે વાતચીત કરતા બોલવાની રીતનો (નિયમોનો) સમાવેશ થાય છે.- બોલાતી ભાષામા જયારે નિયમોનું પાલન થાય છે ત્યારે તેનો અર્થ એ થાય કે પ્રત્યેક ભાષામાં ચોક્કસ પ્રકારની વ્યવસ્થા હોય છે. જુદી જુદી ભાષાઓની આવી વ્યવસ્થાઓનો અભ્યાસ જ્ઞાનના જે ક્ષેત્ર દ્વારા થાય છે તેને **ભાષાવિજ્ઞાન** કહે છે.

**ભાષાવિજ્ઞાનનો સંબંધ અવાજો દ્વારા બોલાતા શબ્દોના નિયમો, એ શબ્દોના અર્થોના નિયમો, એ શબ્દોની વાક્યમાં ગોઠવણીના નિયમો તેમજ અન્ય સાથે થતી વાતચીતની રીતના નિયમોનો અભ્યાસ કરવા સાથે છે.** – દરેક ભાષામાં આવી બાબતો સાથે સંબંધિત પેટાવ્યવસ્થાઓ (પાસા- અંગો) હોય છે. આમ, આ બધા શાસ્ત્રોની રચના ભાષા વિજ્ઞાન દ્વારા કરવામાં આવી છે. જે નીચે મુજબ છે.

(1) ધ્વનિશાસ્ત્ર (૨) શબ્દાર્થવિજ્ઞાન

(3) વાક્યરચનાશાસ્ત્ર (૪) વ્યવહારિક ભાષાશાસ્ત્ર

ભાષાના પાસાનો અભ્યાસ કરવાને પરિણામે બાળક ભાષાનો વ્યવહારિક ઉપયોગ કરતા કેવી રીતે શીખે છે એ જાણી શકાય છે. ટૂંકમાં બાળકના ભાષા વિકાસને સમજવા માટે ભાષાના આ ચાર પાસાનો અભ્યાસ જરૂરી બને છે.

હવે તેની ક્રમવાર ચર્ચા જોઈશું.

## (1) ધ્વનિશાસ્ત્ર

**“ધ્વનિશાસ્ત્ર એટલે ભાષામાં બોલવાના અવાજોના બદલાતા સ્વરૂપોના વિકાસનો અભ્યાસ કરવા સાથે સંબંધ ધરાવતી ભાષાવિજ્ઞાનની એક શાખા.”**

કોઈપણ ભાષામાં બોલતા શબ્દો મુખ દ્વારા નીકળતા જુદા જુદા અવાજોથી બનેલા હોય છે. આમાં મુખ્યત્વે ગળા, હોઠ અને જીભનો ઉપયોગ થાય છે. બાળક સૌ પ્રથમ ગળા દ્વારા અવાજો કાઢે છે, એમાં સ્વરો અને વ્યંજનો બંને પ્રકારના અવાજોનો સમાવેશ થાય. – જેમ કે; નવજાત શિશુ સૌપ્રથમ જયારે શ્વાસ લેવાની ક્રિયા કરે ત્યારે તે જે અવાજ કાઢે છે તે રડવાનો અવાજ હોય છે. આ અવાજ ગળામાંથી નીકળે છે. આરંભમાં આ પ્રકારના અવાજમાં માત્ર અ, આ, ઈ, ઉ, ઓ વગેરે જેવા સ્વરો જ હોય છે, પણ એ પછી તેમાં ક, ખ, ગ, ઘ વગેરે જેવા વ્યંજનો ઉમેરાય છે.

ટૂંકમાં એક વર્ષની વય સુધીમાં અમુક શબ્દો શીખી જાય છે. સાડા ત્રણ વર્ષ સુધીમા એક હજાર શબ્દો બાળક બોલતું હોય છે. એકદમ સ્પષ્ટ ઉચ્ચારણ કરીને બોલવાનું છેક કિશોરાવસ્થામા શીખે છે.

(૨) **શબ્દાર્થવિજ્ઞાન :**

**"શબ્દાર્થવિજ્ઞાન એટલે શબ્દો અને શબ્દોના સંયોજનના અર્થોનો અભ્યાસ કરવા સાથે સંબંધ ધરાવતી ભાષા વિજ્ઞાનની એક શાખા."**

આમ તો શિશુ પ્રથમ શબ્દ દસેક માસની વયે બોલે છે, પણ વાસ્તવમાં તે અન્ય દ્વારા બોલતા શબ્દોના અર્થોને સમજતા છ માસની વયથી જ શીખવા લાગે છે. આશરે નવ માસની વયે તે જુદીજુદી ચીજવસ્તુઓના નામનો ઉલ્લેખ થતા એ ચીજવસ્તુઓ તરફ જુએ છે. આમ શિશુ શબ્દોને બોલતા શીખે એ પહેલા તેમના અર્થોને તે સમજતું હોય છે. આમ, શિશુ જે શબ્દો બોલે છે તેટલી જ સમજ હોય છે એવી માન્યતા ભૂલભરેલી છે.

સામાન્ય રીતે શિશુ જે ક્રમમાં શબ્દોના અર્થો શીખે છે તે આ મુજબ છે :

જીવિત કે નિર્જીવ ચીજવસ્તુઓ સાથે સંબંધ ધરાવતા શબ્દો, વર્તન સાથે સંબંધ ધરાવતા શબ્દો, ચીજવસ્તુઓ કે બનાવોના ગુણધર્મો સાથે સંબંધ ધરાવતા શબ્દો, શા માટે, કોના માટે, કેવી રીતે, જેવા કાર્યસુચક શબ્દો અને અંતે જટિલ સંકલ્પનાઓ સાથે સંબંધ ધરાવતા શબ્દો.

આ રીતે બાળકનો શબ્દ ભંડોળ છ વર્ષની વયે અઢી હાજર (૨૫૦૦૦) જેટલો હિય છે. એમ એમ. ઈ. સ્મિથ છેક ૧૯૨૬મા કરેલા એક અભ્યાસમાં ૬ વર્ષની વયે બાળકનો શબ્દ ભંડોળ ૧૦,૦૦૦ શબ્દો જેટલો હોય છે એમ દર્શાવવામાં આવ્યું છે.

**(3) વાક્યરચનાશાસ્ત્ર :**

**"વાક્યરચનાશાસ્ત્ર એટલે વાક્યો બનાવવા માટે જુદા જુદા શબ્દોની ગોઠવણી કેવી હોવી જોઈએ એ અંગેના નિયમોનો અભ્યાસ કરવા સાથે સંબંધ ધરાવતો વ્યાકરણનો એક વિભાગ."**

વ્યાકરણમાં મહત્વની બાબત શબ્દોનું સંયોજન છે, જયારે શિશુ પોતાના વિચારોની અભિવ્યક્તિ માટે એક કરતા વધારે શબ્દોનો ઉપયોગ કરે છે ત્યારે તેની વાક્ય રચના કરવાની શરૂઆત થાય છે. આશરે દોઢ અને અઢી વર્ષની વય વચ્ચે શિશુ બે શબ્દોનું સંયોજન કરીને બોલવા લાગે છે. જેમ કે, "બા પાણી". જોકે આ બે શબ્દોના ઉપયોગથી બાળક જુદી જુદી અનેક બાબતો અભિવ્યક્ત કરે છે. તેનો અર્થ "બા, મને પાણી આપ", "બા પાણી પીએ છે", "બા પાણી ભરે છે" વગેરે. એજ રીતે શિશુ "પાપા ખમીસ" એમ કહે એનો અર્થ "આ પાપનું ખમીસ", "પાપા ખમીસ પહેરે", "પાપા ખમીસ લઇ ગયા" વગેરે.

ત્રણેક વર્ષની વયે શિશુ ક્રીયાપાદનો ઉપયોગ કરી ત્રણ શબ્દોનું સંયોજન કરીને બોલે છે. ત્યારથી વાક્યરચનાની વ્યવસ્થિત રીતે શરૂઆત થાય છે એમ કહેવાય છે. આ રીતે વય વધવાની સાથે શિશુની વાક્યરચનામાં વધુને વધુ શબ્દોનું સંયોજન થવા લાગે છે અને સાથે સાથે શિશુ વધુ જટિલ રીતે પોતાના વિચારો ભાષા દ્વારા અભિવ્યક્ત કરવા લાગે છે. આમ  શિશુ પોતાના વાતાવરણ મુજબ વાક્યરચના ખુબ ઝડપથી શીખે છે. વાક્યરચનાની અભિવ્યક્તિનું કારણ અનુકરણ હોય છે. બીજું કારણ માતા-પિતા દ્વારા અપાતી આ અંગેની તાલીમ પણ મહત્વનો ભાગ ભજવે છે.

**(૪) વ્યાવહારિક ભાષાશાસ્ત્ર:**

**"વ્યવહારિક ભાષાશાસ્ત્ર એટલે વાતચીતમાં અન્ય સાથે અસરકારક રીતે યોગ્ય પ્રકારનો વિનિમય કરવા અંગેના નિયમો સાથે સંબંધ ધરાવતી ભાષા વિજ્ઞાનની એક શાખા".**

વ્યવહારમાં ભાષાનો ઉપયોગ કેવી રીતે થવો જોઈએ એનો આધાર માત્ર ભાષા બોલવા સાથે જ નથી, પણ એનો આધાર જુદી જુદી સામાજિક પરિસ્થિતિઓમાં જુદી જુદી વ્યક્તિઓ સાથે યોગ્ય પ્રકારના હાવભાવ વ્યક્ત થાય એ રીતે ભાષા બોલવાની સાથે છે.

આ બાબત બાળક અનુભવથી જ શીખે છે. જેમ જેમ બાળકની વય વધે છે તેમ તેમ તે અન્યના અનુકરણથી ભાષાની યોગ્ય વ્યવહારિક અભિવ્યક્તિ શીખે છે. બાળકના વ્યક્તિત્વના સમગ્રતયા વિકાસ માટે તેને વ્યવહારિક રીતે ભાષાની યોગ્ય અભિવ્યક્તિ કરતા આવડે એ જરૂરી છે.

## ભાષા વિકાસ અને તેના તબક્કાઓ:

**(૧) બાળકના ભાષાવિકાસની સામાન્ય ગતિ:**

જન્મ સમયે શિશુનો જે રડવાનો અવાજ હોય છે તે વાસ્તવમાં તેની શ્વાસ લેવાની ક્રિયાને લીધે ઉત્પન્ન થાય છે. આવા મૂળભૂત અવાજમાંથી સમય જતા શિશુ ગાળા, હોઠ અને જીભનો ઉપયોગ કરી વિવિધ પ્રકારના અવાજો કાઢે છે. આવા અવાજોના સંયોજનથી શબ્દો બને છે અને શબ્દોના સંયોજનથી વાક્યો. આ રીતે બાળકનો ભાષા વિકાસ આગળ વધે છે.

**સામાન્ય રીતે શિશુ ૧૦ માસની ઉમરે પ્રથમ શબ્દ બોલે છે:**

**૧૯૨૬માં એમ. ઈ. સ્મિથે** શિશુ કઈ ઉમરે કેટલા શબ્દો અર્થપૂર્ણ રીતે બોલી શકે છે એ અંગે વ્યવસ્થિત અભ્યાસ વિશેષ નોધપાત્ર બન્યો છે.

આ અભ્યાસમાં ૮ માસથી ૬ વર્ષની વય સુધીના અનેક શિશુઓ કઈ વયે કેટલા શબ્દો જુદી જુદી ચીજવસ્તુઓના ચિત્રો જોઇને અર્થપૂર્ણ રીતે બોલી શકે છે એની સરેરાશ તારવવામાં આવી છે.

આ અભ્યાસનું પરિણામ અહીં આપેલા લોશ્તાકમાં દર્શાવવામાં આવ્યું છે.

| વય | માસ | શબ્દ સંખ્યા | શબ્દપ્રાપ્તિ |
|---|---|---|---|
| ૦ | ૦૮ | ૦૦ | ૦૦ |
| ૦ | ૧૦ | ૦૧ | ૦૧ |
| ૧ | ૦૦ | ૦૩ | ૦૨ |
| ૧ | ૦૩ | ૧૯ | ૧૬ |
| ૧ | ૦૬ | ૨૨ | ૦૩ |
| ૧ | ૦૯ | ૧૧૧ | ૯૬ |
| ૨ | ૦૦ | ૨૭૨ | ૧૫૪ |
| ૨ | ૦૬ | ૪૪૬ | ૧૭૪ |
| ૩ | ૦૦ | ૮૯૬ | ૪૫૦ |
| ૩ | ૦૬ | ૧૨૨૨ | ૩૨૬ |
| ૪ | ૦૦ | ૧૫૪૦ | ૩૧૮ |
| ૪ | ૦૬ | ૧૮૭૦ | ૩૨૦ |
| ૫ | ૦૦ | ૨૦૭૨ | 202 |
| ૫ | ૦૬ | ૨૨૮૯ | ૨૧૭ |
| ૬ | ૦૦ | ૨૫૬૨ | ૨૭૩ |

જોકે આ શબ્દ્સંખ્યા શિશુ જે શબ્દો અર્થપૂર્ણ રીતે ઓળખી શકે છે એની છે, પણ બાળક જે શબ્દોને ઓળખી શકે છે તેની સંખ્યા અનેકગણી